તા: 26/01/2022

**પ્રેસ-નોટ:** જન શિક્ષણ સંસ્થાન – ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી કરાઈ.

"બેટી બચાવો, બેટી પઢાવો" સૂત્રો સાથે રેલી યોજાઇ

ભારત સરકારના કૌશલ્ય વિકાસ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ ગુજરાત યુનિવર્સિટી ખાતે ચાલતા જન શિક્ષણ સંસ્થાના ઉપક્રમે આજરોજ 73 માં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ અને જન શિક્ષણ સંસ્થાનના પૂર્વ ઉપાધ્યક્ષ ડૉ જગદીશ ભાવસારના અધ્યક્ષસ્થાને યોજાયેલા મહિલા સંમેલનને સંસ્થાનના ઇન્ચાર્જ ડાઇરેક્ટર તેમજ સેનેટ સભ્ય ડૉ દર્શના ભટ્ટે માર્ગદર્શન આપ્યું હતું. ભારતની ભવ્યતાને ઉજાગર કરવા માટે સૌને સંકલ્પબદ્ધ થવા આહ્વાન કરીને માતૃભૂમિનું ઋણ અદા કરવાં અપીલ કરી હતી. આ પ્રસંગે જન સંસ્થાનની બહેનોએ રાષ્ટ્રભક્તિના ગીતો રજૂ કર્યા હતા. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ જગદીશ ભાવસારે આજદિન અમૃતસંતાન લાલ બહાદુર શાસ્ત્રીના જીવન પ્રસંગો ટાંકીને અખંડ ભારત તરફ એકસૂર, એકતાલ, એકવિચાર સાથે આગળ વધવા અનુરોધ કર્યો હતો. બેટી બચાવો, બેટી પઢાવો, બેટી વધવો રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું . સંસ્થાના યોગેશ શાહ સહિત કર્મચારીઓ એ, લાભાર્થીઓએ આયોજન હાથ ધર્યું હતું.






